P.07

એટલીની ફિલ્મના શૂટિંગમાં મૃણાલ ઠાકુર સામેલ થઇ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

બે વખત બ્રેકઅપની પીડા સહન કરી, હવે ડેટ પર જવા ઉત્સુક છે ગ્લેમરસ એક્ટ્રેસ

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : 333 I વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ સુદ ૧૨ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 333 • Dt.07-07-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125






૨૬,૦૦૦ થી વધુ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કર્યા I ભક્તો ખૂબ જ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે



07

07
JULY- 2025
MONDAY



07

ઇઝરાયલ સાથેના યુદ્ધ પછી ઈરાનના સુપ્રીમ લીડર ખામેની પહેલી વાર જાહેરમાં દેખાયા

**ગુજરાત રાજ્યમાં ૧૧ હજાર લોકો સાથે છેતરપિંડી**

અત્યાર સુધીમાં રૂ. ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા I આરોપીઓએ લોકો પાસેથી ૭% થી ૧૧% માસિક વ્યાજ આપવાનું વચન આપીને રોકાણ કરાવ્યું હતું. કેટલાક કેસમાં વચન આપવામાં આવ્યું હતું કે ૧ લાખના રોકાણ સામે વર્ષમાં ૧૦૦%થી પણ વધુ રિટર્ન મળશે

# સુરત અને રાજકોટમાં કરોડોની ક્રિપ્ટોકરન્સીનું કૌભાંડ

## ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સુરતના ઉત્તરાણ વિસ્તારમાં આવેલા પ્રગતિ આઈટી પાર્ક ખાતે આવેલી "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં ડીસીબી ભાવેશ રોઝીયાની આગેવાનીમાં સાયબર સેલે દરોડો પાડ્યો હતો

I પ્રતિનિધિ, સુરત, તા.૬ I

સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલે એક વિશાળ ક્રિપ્ટોકરન્સી અને મલ્ટી લેવલ માર્કેટિંગ કૌભાંડનો પ દર્ફાશ કર્યો છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા છે. આ કૌભાંડ સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ફેલાયેલું હતું અને તેમાં ૧૧,૦૦૦થી વધુ લોકોને ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી કરાઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા અને આ દરોડા બાદ ચોંકાવનારી હકીકતો સામે આવી છે.૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સુરતના ઉત્તરાણ વિસ્તારમાં આવેલા પ્રગતિ આઈટી પાર્ક ખાતે આવેલી "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં ડીસીબી ભાવેશ રોઝીયાની આગેવાનીમાં સાયબર સેલે દરોડો પાડ્યો હતો. આ કંપની અને તેની જોડાયેલી ઓર્ગેનાઈઝેશનો જેમ કે "આઈવી ટ્રેડ" અને "સ્કાય ગ્રોથ વેલ્થ મેનેજમેન્ટ" દ્વારા લોકો પાસેથી મોટી રકમની લાલચ આપી રોકાણ કરાવતું એમએલએમ નેટવર્ક ચલાવવામાં આવતું હતું. આરોપીઓએ લોકો પાસેથી ૭% થી ૧૧% માસિક વ્યાજ આપવાનું વચન આપીને રોકાણ કરાવ્યું હતું. કેટલાક કેસમાં વચન આપવામાં આવ્યું હતું કે ૧ લાખના રોકાણ સામે વર્ષમાં ૧૦૦%થી પણ વધુ રિટર્ન મળશે.

### એનસીસીઆરટી દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સ્કીમ સામે ૨૬ જેટલા રાજ્યોમાં ફરિયાદો દાખલ કરવામાં આવી




પોલીસે દરોડા દરમિયાન નીચેનો સામાન કબજે કર્યો છે. જેમાં ૫ લેપટોપ, મોબાઈલ ફોન, ડાયરીઓ અને ચેકબુકો, ૪૦ લાખ રોકડા અને ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ ધરાવતો ડિજિટલ ડેટા પણ પોલીસે કબજે કર્યો છે.એનસીસીઆરટી દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સ્કીમ સામે ૨૬ જેટલા રાજ્યોમાં ફરિયાદો દાખલ કરવામાં આવી છે. બેંકિંગ રેકોર્ડની તપાસમાં ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. ઉપરાંત, આંગડિયા માધ્યમથી ૧૦૦ કરોડથી વધુની રોકડ હેરફેર પણ થયાનું બહાર આવ્યું છે. પોલીસના જણાવ્યા પ્રમાણે કેટલાક મુખ્ય આરોપીઓ દુબઈ નાસી ગયા હોવાની શક્યતા છે. આરોપીઓની ધરપકડ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પગલાં લેવામાં આવી રહ્યા છે. સાયબર સેલ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા તમામ વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી ચાલુ છે અને નાણાકીય રિકવરી માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

### ૪૦ લાખ રોકડા અને ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ ધરાવતો ડિજિટલ ડેટા પણ પોલીસે કબજે કર્યો

#### રોકાણ માટે ૧૮ મહિના સુધી કોન્ટ્રાક્ટ બેસાડવામાં આવતો હતો અને રોકાણકર્તાઓને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવતા હતા



આ કૌભાંડના મુખ્ય આરોપીઓમાં અલ્પેશ વઘાસિયા, વિશાલ, અને ઝરીન ગોસ્વામી સહિત રાજકોટના ડેનિશ, તેના પિતા નવીનભાઈ, અને ભાઈનો પણ સમાવેશ થાય છે. તેઓ રિંગરોડ વિસ્તારમાંથી ઓફિસ ચલાવતા હતા. જયસુખ પટોલિયા અને યશ રામજીભાઈ પટોલિયા નામના શખ્સોએ ડમી એકાઉન્ટ ખોલાવીને કરોડો રૂપિયાની હેરફેર કરી હતી.

#### બનાસકાંઠાના સરહદી વિસ્તારના ગામડાઓમાં બ્લેક આઉટ જાહેર

રોકાણ માટે ૧૮ મહિના સુધી કોન્ટ્રાક્ટ બેસાડવામાં આવતો હતો અને રોકાણકર્તાઓને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવતા હતા.સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલે એક વિશાળ ક્રિપ્ટોકરન્સી અને મલ્ટી લેવલ માર્કેટિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા છે. આ કૌભાંડ સુરત અને રાજકોટ જેવા શહેર-ોમાં ફેલાયેલું હતું અને તેમાં ૧૧,૦૦૦થી વધુ લોકોને ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી કરાઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા અને આ દરોડા બાદ ચોંકાવનારી હકીકતો સામે આવી છે.૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સુરતના ઉત્તરાણ વિસ્તારમાં આવેલા પ્રગતિ આઈટી પાર્ક ખાતે આવેલી "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં ડીસીબી ભાવેશ રોઝીયાની આગેવાનીમાં સાયબર સેલે દરોડો પાડ્યો હતો. આ કંપની અને તેની જોડાયેલી ઓર્ગેનાઈઝેશનો જેમ કે "આઈવી ટ્રેડ" અને "સ્કાય ગ્રોથ વેલ્થ મેનેજમેન્ટ" દ્વારા લોકો પાસેથી મોટી રકમની લાલચ આપી રોકાણ કરાવતું એમએલએમ નેટવર્ક ચલાવવામાં આવતું હતું.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ I સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ I જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## બનાસકાંઠામાં વીજ કરંટ લાગતા માતા-પિતા અને પુત્રનું મોત

I પ્રતિનિધિ, પાલનપુર, તા.૬ I

બનાસકાંઠાના વાવના ધારધરા ગામમાં વીજ કરંટ લાગવાથી ત્રણ લોકોના મોત થયા છે. એક જ પરિવારના ત્રણ સભ્યોના વીજ કરંટ લાગવાથી મોત થયા છે. વીજ કરંટ લાગવાથી માતા-પિતા અને પુત્રના દુઃખદ મોતથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. મૃતક પરિવારના સભ્યોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વાવની સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.આપને જણાવી દઈએ કે આ પહેલા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના શિહોરી નજીકના ઉંબરી ગામમાં પણ વીજ કરંટ લાગવાથી ત્રણ લોકોના મોત થયા હતા, જ્યાં ખેતરમાંથી પસાર થતી હાઈ-વોલ્ટેજ વીજ લાઈનને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી.

## મહેસાણામાં કબૂતરબાજ એજન્ટે લીધો યુવાનનો જીવ, ઓસ્ટ્રેલિયા જવાનું સપનું રહી ગયું અધૂરું

I પ્રતિનિધિ, મહેસાણા,તા.૬ I

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં એક યુવાને કથિત રીતે ઓસ્ટ્રેલિયા મોકલવાના નામે થયેલી ઠગાઈના આઘાતમાં આવીને આપઘાત કરી લીધો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે, અને સ્થાનિક પોલીસે આ મામલે એજન્ટ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.રણાસણ ગામના રહેવાસી હર્ષિલ પટેલ નામના યુવાને વિદેશ જઈને ઉજ્જવળ ભવિષ્ય બનાવવાનું સપનું જોયું હતું. આ સપનું પૂરું કરવા માટે તેણે ધાર્મિક પટેલ નામે આવેલા એક એજન્ટનો સંપર્ક કર્યો હતો, જેણે હર્ષિલને ઓસ્ટ્રેલિયા મોકલવાનું વચન આપ્યું હતું. ધાર્મિકે દાવો કર્યો કે તે ૬ મહિનાની અંદર હર્ષિલને ઓસ્ટ્રેલિયા મોકલી દેશે અને આ માટે તેણે ૨૯ લાખ રૂપિયાની મોટી રકમની માગણી કરી. હર્ષિલ અને તેના પરિવારે આ રકમ ચૂકવી દીધી.

### ભાજપમાં અંદરોઅંદર ચાલતો વિખવાદ હવે ચરમ સીમાએ પહોંચ્યો

# જૂનાગઢમાં ધારાસભ્યએ નબળા કામની યાદી મંગાવતા ભાજપમાં જ વિવાદ

### ભાજપના ધારાસભ્યની વાતનો વિપક્ષ તો ઠીક પરંતુ ભાજપના જ હોદ્દેદારોએ વિરોધ શરૂ કર્યો

I પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૫ I

ભાજપમાં અંદરોઅંદર ચાલતો વિખવાદ હવે ચરમ સીમાએ પહોંચ્યો છે. ભાજપના ધારાસભ્યએ પત્ર લખી તુટેલા રસ્તાઓની યાદી મંગાવી હતી. હવે આ મુદ્દે સ્થાયી સમિતીના પૂર્વ ચેરમેને ધારાસભ્યને પત્ર લખી ભાજપના સક્રિયા સભ્યોના ખંભે બંદુક રાખી ફોડવાનું બંધ કરી સસ્તી પ્રસિધ્ધી મેળવવાની પ્રવૃતિ રહેવા દો, આવી સ્થિતિના કારણે પાર્ટી બદનામ થાય છે. ભાજપના ધારાસભ્યની વાતનો વિપક્ષ તો ઠીક પરંતુ ભાજપના જ હોદ્દેદારોએ વિરોધ શરૂ કર્યો છે.ગત તા. ૨ના જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાએ પત્ર જાહેર કર્યો હતો કે, જૂનાગઢ મનપા હેઠળના જે વિકાસ કામો થયા છે તેમાં નબળા કામની યાદી ફોટોગ્રાફસ સાથે ભાજપના સક્રિય સભ્યો પાસેથી સાત દિવસમાં મંગાવી છે. આ યાદી આવ્યા બાદ ધારાસભ્ય કમિશનરને આપવાના છે. આ સમગ્ર મામલે વિપક્ષ કોંગ્રેસે તેનો વિરોધ કર્યો હતો કે, ધારાસભ્યની હોટલ પાસે તુટેલા રસ્તા છે જ આ ઉપરાંત ક્યાં રસ્તા તુટયા છે તેની તમામ વિગત ધારાસભ્ય પાસે છે. હવે આ મુદ્દે જૂનાગઢ મહાનગરપાલિકાના સ્થાયી સમિતીના પૂર્વ ચેરમેન અને ભાજપના અગ્રણી હરેશ પરસાણાએ ધારાસભ્યને પત્ર લખી જણાવ્યું કે, તમારા પત્રથી દુઃખની લાગણી અનુભવું




છું, જે વિકાસ કાર્યો થયા તેની તમોએ અમુક વખત મુલાકાત લીધી છે અને ખાતમુહૂર્ત કર્યા છે. તમો ૧૫ વર્ષથી વોર્ડ નં. ૭ના નગરસેવક હતા આ ઉપરાંત શહેર ભાજપ પ્રમુખ, સ્થાયી સમિતીના ચેરમેન રહી ચુક્યા છો જેના લીધે તમામ કામથી તમો માહિતગાર છો. ધારાસભ્ય તરીકે મહિનામાં એકવાર મનપાના અધિકારીઓ સાથે સંકલનની બેઠક કરો છો એટલે આપ મનપાના કામની તમામ સ્થિતિથી માહિતગાર છો. આપને ક્યાં કામ ચાલે છે ? કોના ચાલે છે ? કેવા ચાલે છે ? એ બધી જાણ છે છતાં પણ ભાજપના સક્રિય સભ્યોના ખંભે બંદુક રાખી ફોડવી એ વ્યાજબી વાત નથી. આવા પત્રોના કારણે ભાજપને નુકસાન થાય છે. જૂનાગઢ મનપામાં ભાજપનું જ શાસન છે અને આપ પણ ભાજપના જ ધારાસભ્ય છો અને આવા વારંવાર પત્રો લખવાથી ભાજપને મોટું નુકસાન થાય છે અને બદનામી થાય છે.સ્થાયી સમિતીના પૂર્વ ચેરમેને આ અંગેની પ્રદેશ ભાજપ પ્રમુખ સહિતનાઓને જાણ કરી છે.

## અમદાવાદ : ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન આપવાની લાલચે છેતરપિંડી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ I

શહેરમાં આનંદનગર પોલીસે વંદિત સુરેશ શાહ અને વિશાંત સુરેશ શાહ નામના આરોપીઓની ધરપકડ કરી છે. બંને ભાઈઓ આનંદ નગર વિસ્તારના રહેવાસી છે. આરોપીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો આપવાની લાલચે ફરિયાદી રવિ શર્મા અને નીરવ ઉપાધ્યાય પાસેથી ૧૦.૪૦ લાખની છેતરપિંડી કરી હતી. જોકે ભોગ બનનારને રૂપિયા કે મકાન ન મળતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં અગાઉ પૂર્વ શાહ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ બંને ભાઈઓ ફરાર હોવાથી પોલીસે આરોપીઓ વિરુદ્ધ કલમ ૭૨ મુજબનું વોરંટ મેળવી તેમની ધરપકડ કરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ વિરુદ્ધ કુલ ૧૮થી ૨૦ જેટલા ભોગ બનનાર લોકોએ ક્રાઈમ બ્રાન્ચ, વાસણા, સેટેલાઈટ અને આનંદ નગર પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરી હતી. જો કે સમગ્ર મામલે એન ડિવિઝનના એસીપી એસ. એમ. પટેલ જણાવ્યું હતું કે, ઝડપાયેલા બંને ભાઈ વંદિત અને વિશાંતની ધરપકડ કરી પૂછપરછ કરતા હકીકત સામે આવી કે બંને આરોપીઓ ગુજરાત હાઉસિંગ બોર્ડના નાયબ સેક્શન ઓફિસર પી. ડી. ઝાલા અને એચ. એમ. ઝાલા તરીકેની ઓળખ આપતા હતા.ઉપરાંત ટાઈટેનિયમ સિટી સેન્ટરમાં પોતાની ઓફિસ ખોલી લોકો સાથે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન આપવાના બહાને ઠગાઈ કરતા હતા.

### ગુજરાતની શાસક ભાજપે શિવસેના ના વડા ઉદ્ધવ ઠાકરેના તાજેતરના નિવેદનો પર આકરી પ્રતિક્રિયા

# ઉદ્ધવ ઠાકરેના નિવેદન પર ભડકી ગુજરાત ભાજપ, પટેલ સમુદાય પર કરી હતી ટિપ્પણી

I પ્રતિનિધિ, અમદાવાદ,તા.૬ I

ગુજરાતની શાસક ભાજપે શિવસેના ના વડા ઉદ્ધવ ઠાકરેના તાજેતરના નિવેદનો પર આકરી પ્રતિક્રિયા આપી છે. એક રેલીને સંબોધિત કરતી વખતે, ઠાકરેએ દાવો કર્યો હતો કે ભાજપે ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણી જીતવા માટે પાટીદાર (પટેલ) સમુદાયને ઉશ્કેર્યો અને તેને અન્ય સમુદાયોથી અલગ પાડ્યો.આ નિવેદન અંગે ગુજરાત ભાજપના પ્રવક્તા ડૉ. રૂતિજ પટેલે ઉદ્ધવ ઠાકરે પર પાયાવિહોણા નિવેદનો આપવાનો અને સમુદાયો વચ્ચે તિરાડ પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. પ્રવક્તા ડૉ. રૂતિજ પટેલે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ આવા નિવેદનો આપતા પહેલા હકીકતો જાણવી



જોઈતી હતી. પીટીઆઈ અનુસાર, તેમણે કહ્યું, ‘‘ઉદ્ધવ ઠાકરે ગુજરાતની સામાજિક અને રાજકીય પરિસ્થિતિને સમજી શકતા નથી. અહીં ભાજપ અને પાટીદાર સમુદાય એકબીજાના પૂરક છે.’’

ભાજપે રાજ્યમાં અત્યાર સુધીમાં ત્રણ પાટીદાર મુખ્યમંત્રી અને અનેક પ્રદેશ પ્રમુખો આપ્યા છે.’’ તેમણે એ પણ ભાર મૂક્યો કે વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અનેક મંત્રીઓ આ સમુદાયમાંથી આવે છે.

ભાજપના પ્રવક્તા હિતેન્દ્ર પટેલે ઉદ્ધવ ઠાકરેની ભાષા કોંગ્રેસ જેવી જ ગણાવતા કહ્યું કે તેમણે લોકોને ગેરમાર્ગે દોરે તેવા શબ્દોનો ઉપયોગ કરવાથી દૂર રહેવું જોઈએ. તેમણે કહ્યું, ‘‘ગુજરાતમાં ભાજપને મજબૂત બનાવવામાં પાટીદાર સમુદાયે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. બદલામાં, પાર્ટીએ પણ આ સમુદાયની પ્રગતિ માટે નક્કર પગલાં લીધાં છે. જ્યારે ઠાકરે જેવા નેતાઓ આવા નિવેદનો આપે છે, ત્યારે તેઓ માત્ર જૂઠાણું જ ફેલાવતા નથી પણ રાજકીય વાતાવરણને પણ પ્રદૂષિત કરે છે.’’

આપને જણાવી દઈએ કે ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં આયોજિત ‘વિજય રેલી’માં આ નિવેદન આપ્યું હતું, જ્યાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા શાળાઓમાં પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત કરવાના આદેશને પાછો ખેંચવા માટે ઉજવણી કરવામાં આવી હતી.

## ઈરાની ગેંગના માસ્ટર માઈન્ડની કરી ધરપકડ, માતાજીના દાનના બહાને પડાવી લેતા હતા દાગીના

I પ્રતિનિધિ, વલસાડ, તા.૫ I

વલસાડ અને આસપાસના જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી અને ચીલઝડપના બનાવ વધી ગયા હતા. અલગ-અલગ વ્યક્તિઓના દાગીના સેરવી લેવાતા હતા. પરંતુ, આ તમામ ગુનાની મોડસ ઓપરેન્ડી એક જ હતી. જેથી, એક જ ગેંગનો હાથ હોવાનો અંદાજ પોલીસને હતો. ગુનો નોંધી વલસાડ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તરખાટ મચાવનાર ઈરાની ગેંગના મુખ્ય આરોપીને પકડી લેવાયો છે. ચોર ટોળકીને પકડવા માટે પોલીસે જે-જે જગ્યાએ બનાવ બન્યા હતા..તે ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સની પણ મદદ લેવાઈ હતી. મહારાષ્ટ્ર એક શખ્સ બાઈક લઈ વાપીમાં ચોરી કરવા આવી રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. તેના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દમણગંગા બ્રિજ નજીકથી બાઈક લઈ પસાર થથા મુસ્તફા ઉર્ફે બહેરામ સૈયદ નામના આરોપીને ઝડપી લીધો. મુસ્તફા સૈયદ કુખ્યાત ઈરાની ગેંગનો મુખિયો છે. તેના ઈશારે ગેંગના સાગરિતો ગુનાને અંજામ આપતા હતા.ઈરાની ગેંગનો માસ્ટર માઈન્ડ અને તેના સાગરિતો મહારાષ્ટ્રમાં રહે છે.

## વડોદરાની બ્લેક સ્પોટ કપુરાઈ ચોકડી પાસે અકસ્માતનો ગ્રાફ ચિંતાજનક બન્યો

I પ્રતિનિધિ, વડોદરા, તા.૫ I

વડોદરા શહેરના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલ જામ્બુવા જીઈબી કટ, કપુરાઈ બ્રિજ પાસે , એપીએમસી માર્કેટ સામે, દુમાડ ચોકડી, રણોલી ચોકડી અને સહિતના બ્લેક સ્પોટ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. જેમાં કપુરાઈ ચોકડી પાસે જીવલેણ અકસ્માતનો ગ્રાફ સતત વધી રહ્યો છે. પાછલા ગણતરીના દિવસોમાં સર્જાયેલ અકસ્માતની મળતી વિગતો પ્રમાણે, બે દિવસ અગાઉ કપૂરાઈ ચોકડી પાસે રસ્તાની સાઈડમાં પાર્ક ટ્રેલરમાં છોટા હાથી ટેમ્પો ઘુસી જતા એકનું મોત નીપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન એકટીવા સવાર દંપતિને આઈસરે ટેમ્પોએ અડફેટે લેતા બંનેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન કપુરાઈ ચોકડી પાસે પીકઅપ ગાડીએ બે એકટીવા ચાલકને અડફેટે લેતા એકનું મોત નિપજ્યું હતું. જૂન મહિના દરમ્યાન કપુરાઈ ચોકડી પાસે ટેમ્પોની અડફેટે આધેડનું મોત નીપજ્યું હતું. મે મહિના દરમ્યાન મહિના અગાઉ કપુરાઈ ચોકડી બ્રિજ ઉપર ટ્રકની અડફેટે બાઈક સવાર બે યુવાનો પૈકી એકનું મોત નીપજ્યું હતું. આમ, કપુરાઈ ચોકડી ખાતે તથા કપુરાઈ ચોકડી બ્રિજ ઉપર અનેક અકસ્માતના કિસ્સા છે. વડોદરાની બ્લેક સ્પોટ કપુરાઈ ચોકડી પાસે અકસ્માતનો ગ્રાફ ચિંતાજનક બન્યો.



ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી હતી

# જૂનાગઢના બિલખાનો આનંદ આશ્રમ વિવાદમાં : પૂર્વ વિદ્યાર્થીએ જ આશ્રમમાં ચાલતી ગેરરીતિ સામે અવાજ ઉઠાવતા ચકચાર મચી

**આશ્રમમાં ચાલતી ગેરરીતિ સામે આ આશ્રમમાં અભ્યાસ કરી ચુકેલા એર પૂર્વ વિદ્યાર્થીએ જ ઉઠાવ્યો**

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૬ ।

જૂનાગઢમાં આવેલો બિલખા આનંદ આશ્રમ વિવાદના વમળમાં ફસાયો છે. જેમાં આશ્રમમાં ચાલતી ગેરરીતિ સામે આ આશ્રમમાં અભ્યાસ કરી ચુકેલા એર પૂર્વ વિદ્યાર્થીએ જ ઉઠાવ્યો છે. જેને પગલે ચકચાર મચી છે. ટ્રસ્ટી મંડળ દ્વારા આશ્રમના નિયમોનો નેવે મુકીને ગેરરીતિ કરતા હોવાનો આક્ષેપ થતા વિવાદોના વમળ પેદા થઈ ચુક્યા છે. સમગ્ર મામલે વિદ્યાર્થીઓ દ્વારા કલેક્ટરને આવેદન આપીને રજુઆત કરવામાં આવી હતી. કલેક્ટરે પણ સમગ્ર મામલે તપાસ કરીને જો આક્ષેપો સાચા સાબિત થાય તો કડકમાં કડક કાર્યવાહી કરવા માટેની બાંહેધરી વિદ્યાર્થીને આપવામાં આવી હતી.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી હતી. આશ્રમમાં જૂની પ્રણાલીના નિયમોનું ઉલ્લંઘન થતુ હોવાનો પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. આશ્રમ ટ્રસ્ટી મંડળે પૂર્વ વિદ્યાર્થીઓના આક્ષેપોને નકાર્યા હતા અને તેઓ કોઈ ખોટી વ્યક્તિનો હાથો બનીને આક્ષેપો કરી રહ્યા હોવાનું ટ્રસ્ટી મંડળ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.આક્ષેપોથી આશ્રમને બદનામ






કરવાનું ટ્રસ્ટીઓએ ષડયંત્ર ગણાવ્યું હતું અને વિદ્યાર્થીઓને પણ સાથે બેસીને વિવાદ ઉકેલવા માટે અપીલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હોવાની સ્પષ્ટતા પણ કરી છે. ટ્રસ્ટીઓએ દાવો કર્યો કે, સનાતન વૈદિક પરંપરા અંતર્ગત અને તેને આગળ વધારવા માટે આશ્રમની નથુરામ શર્માજીએ સ્થાપના કરી હતી. છેલ્લા ૧૨૮ વર્ષથી બિલખાનો આનંદ આશ્રમ કાર્યરત છે. જેમાં આ પહેલીવાર છે કે કલેક્ટર સુધી સમગ્ર મામલે ગેરરીતિનાં આક્ષેપો અને અરજી થઈ છે. આશ્રમના સુચારુ સંચાલન માટે કેટલાક નિયમો લાગુ કરવામાં આવેલા છે.

જો કે વિદ્યાર્થીઓનો દાવો છે કે, આ નિયમોનું પાલન થતું નથી. અથવા તો નિયમોને તોડી મરોડીને ટ્રસ્ટી મંડળ પોતાનાં ફાયદા માટે આ નિયમોનું ઉલ્લંઘન કરે છે. જે અયોગ્ય છે તેવો વિદ્યાર્થીઓનો આક્ષેપ છે. જો કે હાલ તો સમગ્ર મામલે તપાસ સોંપવામાં આવશે અને તેના અંતે જ પરિણામ બહાર આવશે કે ટ્રસ્ટી મંડળ સાચુ છે કે પછી વિદ્યાર્થીઓ સાચા છે. જૂનાગઢમાં આવેલો બિલખા આનંદ આશ્રમ વિવાદના વમળમાં ફસાયો છે. જેમાં આશ્રમમાં ચાલતી ગેરરીતિ સામે આ આશ્રમમાં અભ્યાસ કરી ચુકેલા એર પૂર્વ વિદ્યાર્થીએ જ ઉઠાવ્યો છે. જેને પગલે ચકચાર મચી છે. ટ્રસ્ટી મંડળ દ્વારા આશ્રમના નિયમોનો નેવે મુકીને ગેરરીતિ કરતા હોવાનો આક્ષેપ થતા વિવાદોના વમળ પેદા થઈ ચુક્યા છે. સમગ્ર મામલે વિદ્યાર્થીઓ દ્વારા કલેક્ટરને આવેદન આપીને રજુઆત કરવામાં આવી હતી. કલેક્ટરે પણ સમગ્ર મામલે તપાસ કરીને જો આક્ષેપો સાચા સાબિત થાય તો કડકમાં કડક કાર્યવાહી કરવા માટેની બાંહેધરી વિદ્યાર્થીને આપવામાં આવી હતી.ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી હતી.

જૂનાગઢ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી

## જૂનાગઢ જિલ્લામાં આંગડિયા પેઢી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી ટ્રાન્ઝેક્શન કરાવ્યા બાદ આરોપી પેમેન્ટ આપવાના સમયે ફરાર

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૬ ।

જિલ્લાના કેશોદમાં આંબાવાડી વિસ્તારમાં આવેલ એક આંગડિયા પેઢી સાથે છેતરપિંડી થયા હોવાની ઘટના સામે આવતા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. એ જ આર આંગડિયા પેઢીના સંચાલક સમીરભાઈ પોપટે દેવભૂમિ દ્વારકાના વેજાણંદભાઈ ચેતરીયાના કહેવાથી ૩૭.૮૩ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. પરંતુ આરોપી વેજાણંદ ચેતરીયા દ્વારા ટ્રાન્ઝેક્શન કરવામાં ન આવતા ૩૭.૮૩ લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેથી આ બનાવને ધ્યાનમાં રાખીને પોલીસે આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કેશોદની આંગડિયા પેઢી સાથે છેતરપિંડી કરનાર આરોપી કૃષ્ણા ટ્રેડર્સના નામે વેપાર કરે છે તે ગત ૨ જૂનના રોજ આંગડિયા પેઢીમાં આવી વેપાર માટે માલ મોકલાવવાનું કહ્યું હતું. વોટ્સએપ મેસેજથી પેઢીના પાર્ટનર જીગ્નેશભાઈ વ્યાસ દ્વારા ચાર જગ્યાએ ટ્રાન્ઝેક્શન કરાવ્યાં હતા. આંગડિયા પેઢીએ ખંભાળિયામાં વિજયભાઈને ૧૫.૨૦ લાખ, જૂનાગઢ યાર્ડમાં ત્રિકમભાઈને ૧ લાખ, લાંબા ગામમાં મહુલભાઈને ૭.૫૦ લાખ અને ભાટિયામાં રામભાઈને ૧૨.૩૦ લાખ મોકલ્યા હતા. સાથે જ અગાઉના બાકી ૧,૬૦,૨૦૦ અને ૩,૬૨૦ રૂપિયાના ચાર્જ સાથે કુલ ૩૭.૮૩ લાખની રકમ બાકી હતી.

## ભાવનગરના મહુવામાં ડબલ મર્ડરની ઘટના, જમાઈએ કરી સાસુ-સસરાની હત્યા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૬ ।

ગુજરાતમાં લૂંટ, મારામારી, હત્યા સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે (૪ જુલાઈ) રાત્રે ભાવનગરના મહુવામાં ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ભાવનગરના મહુવા શહેરમાં હત્યાના બનાવની ઘટના બની છે. જેમાં પતિ-પત્નીના ઝઘડામાં જમાઈએ સાસુ-સસરાની હત્યા નીપજવા હતી. જેમાં ૩૦ વર્ષીય અજય ભીલ નામના જમાઈએ તીક્ષ્ણ હથિયાર વડે સસરા રમેશભાઈ વીરાભાઈ ડોળાસિયા (ઉં.વ.૪૫) અને સાસુ ભારતીબહેન ડોળાસિયા (ઉં.વ. ૪૦)ની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ઘરકંકાસમાં હત્યા થઈ હોવાનું પ્રાથમિક તારણ સામે આવી રહ્યું છે.જમાઈએ સાસુ અને સસરાની હત્યા કરી હોવાની ચકચારી ઘટનામાં આરોપી જમાઈ હત્યાને અંજામ આપીને ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે મહુવા ટાઉન પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસ આદરી છે. ગુજરાતમાં લૂંટ, મારામારી, હત્યા સહિતની ઘટના સામે આવતી હોય છે.

## અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાંથી સિંહોનો એક વીડિયો સામે આવ્યો છે

। પ્રતિનિધિ, અમરેલી, તા.૬ ।

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાંથી સિંહોનો એક વીડિયો સામે આવ્યો છે. વાસ્તવમાં, ટીંબીમાંથી પસાર થતા ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ૧૦ સિંહો એકસાથે રસ્તો ક્રોસ કરતા કેમેરામાં રેકોર્ડ થયા છે. સિંહોના પરિવારના આ દ્રશ્યને જોવા માટે રસ્તા પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી. વાસ્તવમાં, રસ્તા પર કારમાં મુસાફરી કરી રહેલા એક વ્યક્તિએ આ વીડિયો રેકોર્ડ કર્યો છે. આપને જણાવી દઈએ કે ગીર જંગલના જંગલી પ્રાણીઓ ઘણીવાર ગીર સરહદ નજીકના ગામોમાં આવે છે. દરમિયાન, વરસાદની ઋતુમાં રખડતા સિંહો મોબાઈલ કેમેરામાં કેદ થયા છે.આપને જણાવી દઈએ કે સિંહો જંગલ છોડીને રહેણાંક વિસ્તારો તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન, આ વિસ્તારમાં બે કે ત્રણ સિંહ નહીં પરંતુ ૧૦ સિંહોનું જૂથ એકસાથે જોવા મળ્યું છે.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે આવો વીડિયો જોવા મળ્યો હોય. અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સિંહોના વીડિયો વારંવાર વાયરલ થાય છે.આપને જણાવી દઈએ કે તાજેતરના સમયમાં ભારતમાં સિંહોની વસ્તીમાં વધારો થયો છે. તાજેતરમાં, પીએમ નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં પણ આનો ઉલ્લેખ કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે ગુજરાતના ગીર જંગલમાં એશિયાઈ સિંહોની વસ્તી માત્ર પાંચ વર્ષમાં ૬૭૪ થી વધીને ૮૯૧ થઈ ગઈ છે અને આ ''ખૂબ જ પ્રોત્સાહક'' વધારો છે.માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૨૨મા એપિસોડમાં, પીએમ મોદીએ આ સફળતાનો શ્રેય પ્રદેશના લોકોના સામૂહિક પ્રયાસો અને આધુનિક પદ્ધતિઓના ઉપયોગને આપ્યો. તેમણે કહ્યું, ''સિંહ ગણતરી પછી જાહેર કરાયેલ સિંહોની આ સંખ્યા ખૂબ જ પ્રોત્સાહક છે.







## તંત્રી લેખ...

# રોકાણને લઇ દુવિધા

કોરોના કાળની અવધિ અને હાલની ખુબ જ જટિલ આર્થિક સ્થિતીના કારણે સામાન્ય પ્રશ્નો તમામ રોકાણકરોને સતાવે છે. હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઇ શકે. રિયલ એસ્ટેટમાં કોઇ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઇ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઇ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમા પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઇ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઇ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઇપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઇ ગઇ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઇપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા.

# ઇનફર્ટિલિટીની સમસ્યા વધી છે



ઇનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઇ રહેલી લાઇફ સ્ટાઇલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઇ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઇનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઇનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઇફ સ્ટાઇલ, થાઇરોઇડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઇનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઇનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઇ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઇસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઇનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઇસ છે. જે ઇનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઇલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઇસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઇવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઇજમાં નાંખવામાં આવે છે. ડિવાઇસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે.

પાંચ મિનિટની અંદર તે કોઇ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઇ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઇ હતી. જાણવા મળ્યુ છે કે નાના શહેરો જેમ કે નાગાલેન્ડના શહેરો, મણિપુર અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં પણ આનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બેબી માટે વિકલ્પ શુ હોય છે તેવા પ્રશ્નના જવાબમાં તબીબો કહે છે કે સૌથી પહેલા નેચરલ તરીકે સાથે ટ્રાય કરવામાં આવે છે. ત્યારબાદ જો રિઝલ્ટ મળતા નથી તો તબીબો પાસે સલાહ લેવાની જરૂર હોય છે. તબીબો આના માટે જરૂરી દવા અને ટેસ્ટની સલાહ આપે છે. આઇયુઆઇ અને ત્યારબાદ અંતે ટેસ્ટ ટ્યુટ બેબીની મદદ લેવામાં આવી શકે છે. ઇનફર્ટિલિટીનો અર્થ બાળક થઇ શકે નહીં તેમ કેટલાક લોકો માને છે પરંતુ આ માન્યતા ખોટી છે. વાસ્તવમાં એક વર્ષ સુધી અનપ્રોટેક્ટ સેક્સ સંબંધ છતાં બાળકો ન થાય ત્યારે આને આની પરિભાષા આપવામાં આવે છે.



ઇન્ટરવ્યુ
અનુરાગ ઠાકુર

**માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એક સર્વગ્રાહી સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ બનાવવાનું વિઝન...**

**ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ અને સરકારનું સમર્થન. ભંડોળના કારણે આ ઐતિહાસિક પરિણામો શક્ય બન્યા છે. અમે તમારા કાર્યકાળ દરમિયાન ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ જીત્યા હતા અને હવે એશિયન ગેમ્સમાં ૧૦૦નો આંકડો પાર કર્યો છે.**

# ઐતિહાસિક પરિણામ પાછળ ઘણા પરિબળો છે: આપણા ખેલાડીઓની સખત મહેનત અને ઘરેલુ મેડલ લાવવાની ઝુંબેશ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી, તેમના દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ અને આપણા ખેલાડીઓની સખત મહેનત અને દ્રઢ નિશ્ચયને કારણે ભારતે ૧૦૦ મેડલનો આંકડો પાર કર્યો છે.**

**૧) આ વખતે એશિયન ગેમ્સ ભારત માટે ઐતિહાસિક હતી. શું તમે આવા પરિણામની અપેક્ષા રાખતા હતા?**

અમે કહ્યું અને અમે કર્યું! આ ઐતિહાસિક પરિણામ પાછળ ઘણા પરિબળો છે: આપણા ખેલાડીઓની સખત મહેનત અને ઘરેલુ મેડલ લાવવાની ઝુંબેશ, આપણા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એક સર્વગ્રાહી સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવાનું વિઝન, ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ અને સરકારનું સમર્થન. ભંડોળના કારણે આ ઐતિહાસિક પરિણામો શક્ય બન્યા છે. અમે તમારા કાર્યકાળ દરમિયાન ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ જીત્યા હતા અને હવે એશિયન ગેમ્સમાં ૧૦૦નો આંકડો પાર કર્યો છે. એશિયન ગેમ્સમાં ભારતનું પ્રદર્શન અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ રહ્યું હતું. અમે ૧૦૭ મેડલ જીત્યા બાદ શું કહ્યું હતું, આ વખતે ભારતીય ખેલાડીઓએ ૧૦૦નો આંકડો પાર કર્યો છે. પહેલા આપણે સાંભળતા હતા કે ક્રિકેટમાં સદી ફટકારવામાં આવે છે. હવે તો એશિયન ગેમ્સમાં પણ સદી ફટકારવાનું કામ થઈ ગયું છે. આનાથી ખેલાડીઓનું મનોબળ વધ્યું અને દેશભરના લોકોમાં નવી ઊર્જા અને દેશના યુવા અને ઉભરતા ખેલાડીઓને નવી પ્રેરણા મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી, તેમના દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ અને આપણા ખેલાડીઓની સખત મહેનત અને દ્રઢ નિશ્ચયને કારણે ભારતે ૧૦૦ મેડલનો આંકડો પાર કર્યો છે. આગામી સમયમાં આપણે રમતગમતમાં વધુ રોકાણ જોઈશું. અત્યાર સુધી માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને જે વિચારસરણી આપી છે અને ખેલાડીઓને જે સુવિધાઓ આપી છે તેનું જ પરિણામ છે. તમે જુઓ, આ વખતે ઓલિમ્પિકમાં આપણે અત્યાર સુધીમાં સૌથી વધુ સાત મેડલ જીત્યા હતા. ત્યારબાદ પેરાલિમ્પિક ગેમ્સમાં ૧૯ મેડલ, ડેફ ઓલિમ્પિકમાં ૨૦ મેડલ, કોમનવેલ્થ ગેમ્સમાં ૨૧ મેડલ જીત્યા હતા. ભલે તે આજ સુધી થોમસ કપ જીત્યો ન હતો, પરંતુ તેમાં પણ તેમણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આપણે ૬૦ વર્ષમાં યુનિવર્સિટી ગેમ્સમાં ૧૮ મેડલ જીત્યા હતા, આ વખતે આપણે ૨૬ મેડલ જીત્યા હતા જેમાંથી ૧૦ ગોલ્ડ મેડલ છે અને હવે આપણે એશિયન ગેમ્સમાં ૧૦૭ મેડલ જીતીને ૧૦૦નો આંકડો પાર કર્યો છે અને આ પહેલા આપણી મહિલા ખેલાડી ૪ વખત વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન બની ગઈ છે. જો તમે એક પછી એક મેચમાં જુઓ તો ભારતે સતત શાનદાર પ્રદર્શન કર્યું છે. આ વખતે એશિયન ગેમ્સના ૭૨ વર્ષના ઈતિહાસમાં આપણા ખેલાડીઓએ ઘણા વર્લ્ડ રેકોર્ડ તોડ્યા છે અને ઘણા એશિયન રેકોર્ડ પણ બનાવ્યા છે. એથ્લેટિક્સમાં ૨૯ મેડલ, શૂટિંગમાં ૨૨ મેડલ, તીરંદાજીમાં ૯ મેડલ જીત્યા છે.



**૨) ૨૦૧૮ની સાપેક્ષે, ૨૦૨૨માં એવું શું બન્યું જેણે આવા પરિણામોની ખાતરી આપી?**

૨૦૧૮માં આપણી પાસે ૭૦ મેડલ હતા, ૨૦૨૨માં આપણને ૧૦૭ મેડલ મળ્યા. આ ગોલ્ડ મેડલની સંખ્યામાં ૫૨ ટકા અને ૭૫ ટકાનો વધારો છે. ૨૦૨૦માં પણ, આપણે અત્યાર સુધીના સૌથી ઐતિહાસિક ઓલિમ્પિક્સ, પેરાલિમ્પિક્સ અને ડેફલિમ્પિક્સના સાક્ષી બન્યા છીએ. સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમમાં આપણા એથ્લેટ્સ અને કોચ અને સપોર્ટ સ્ટાફની સખત મહેનતને કારણે આ શક્ય બન્યું છે. એ પણ સાચું છે કે રમતવીરોએ હંમેશા સખત મહેનત કરી છે, તો આ વખતે શું બદલાયું છે? માનનીય પ્રધાનમંત્રી મોદીજીના વિઝન અને ભારતીય રમતગમત પર વિશેષ ભારના લીધે આપણા માટે નવા રેકોર્ડના દ્વાર ખુલ્યા છે. આજે, આપણા દેશની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમમાં એક પિરામિડ માળખું છે જે સમગ્ર દેશમાં સામાન્યથી લઈને ભદ્ર વર્ગ સુધીની પ્રતિભાઓને શોધે છે અને તેનું જતન કરે છે. ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ યોજના ૨૦૧૪માં માનનીય મોદીજીના વિઝન સાથે શરૂ કરવામાં આવી હતી. તે ઈચ્છતા હતા કે પ્રતિભાશાળી ખેલાડીઓને દરેક સુવિધા મળવી જોઈએ જેથી તેઓ વિશ્વસ્તરીય પરિણામો લાવી શકે. આજે આ યોજનાએ અભૂતપૂર્વ પરિણામો આપ્યા છે.આપણી પાસે ટોપ્સ સ્કીમ હેઠળ ખેલાડીઓની બે શ્રેણી છે: ડેવલપિંગ અને એલિટ. આ બંને વર્ગો માટે, સરકાર તાલીમ, ખોરાક, વિદેશી અનુભવ અને સાધનો પ્રદાન કરે છે. આ સાથે, આ બંને વર્ગોને માસિક ખર્ચ મળે છે: ભદ્ર વર્ગ માટે દર મહિને ૫૦૦૦૦ અને વિકાસશીલ વર્ગ માટે દર મહિને ૨૫૦૦૦, અને આ સાથે તેઓ તેમના પરિવારની સંભાળ રાખવામાં પણ સક્ષમ છે. ખેલો ઈન્ડિયા યોજના ૨૦૧૮માં શરૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત દેશના ખૂણે-ખૂણેથી ટેલેન્ટને શોધવાની અને તેમને તાલીમ આપવાની જવાબદારી લેવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા સ્કીમના ઘણા એથ્લેટ્સ આજે ટોપ્સ સ્કીમ હેઠળ અમારા ચુનંદા વર્ગના ખેલાડીઓ છે. આ વખતે ૧૨૪ ખેલો ઈન્ડિયા એથ્લેટ્સે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું, જેમાંથી મોટા ભાગના ટોપ્સ સ્કીમના હતા. આપણા ખેલાડીઓની રમતમાં સુધારો થયો છે અને તમામ સ્તરેથી સમર્થન મળી રહ્યું છે.

ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ ન માત્ર આ એ.આઈ. તાલીમ અને ખેલો ઈન્ડિયાનો ભાગ છે, ઉપરાંત તેઓને મફત કોચિંગ, રૂમ, ભોજન અને રૂ. ૧૦,૦૦૦નો માસિક ખર્ચ પણ મળે છે. અમે દેશના અલગ-અલગ ભાગોમાં રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ બનાવ્યું છે જેથી દરેક ખેલાડીને વહેલી તકે એક્સપોઝર મળી શકે. આજે દેશભરમાં ૭૫૦ ખેલો ઈન્ડિયા સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે અને આપણે આવતા વર્ષ સુધીમાં આ સંખ્યા વધારીને ૧૦૦૦ કરવાની છે. ૨૦૧૩-૧૪ની સરખામણીએ ૨૦૨૨-૨૩માં અમારા રમતગમતના બજેટમાં ત્રણ ગણો વધારો થયો છે. અમારી આ પહેલને કારણે દરેક ખેલાડીને ૩૬૦ ડિગ્રી સપોર્ટ મળ્યો અને આ મહેનતે જ આપણને આ ફળ આપ્યું છે.

**૩) એશિયન ગેમ્સ માટે રમતવીરોને કેવા પ્રકારનું સમર્થન આપવામાં આવ્યું?**

કોમનવેલ્થ ગેમ્સ બાદ એશિયન ગેમ્સ માટે ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમે કોચ, ડિરેક્ટર, મેનેજર, ફિઝિયો સ્ટાફ, સાયકોલોજિસ્ટ જેવા ૨૭૫ વિદેશી નિષ્ણાતોની પણ નિમણૂક કરી છે. આ સિવાય ૭૫ વખત વિદેશનો અનુભવ પણ આપવામાં આવ્યો હતો. યોજના હેઠળ દરેક ખેલાડીને વિશેષ સહાય પણ આપવામાં આવે છે. નીરજ ચોપરા, સાત્વિક, ચિરાગ શેટ્ટી, શરથ કમલ, વિષ્ણુ સરવનન જેવા ખેલાડીઓને આનાથી ઘણો ફાયદો થયો છે, જેના કારણે તેમને વિદેશી અનુભવ, રમતગમતના સાધનો, તાલીમ, કોચ અને સપોર્ટ સ્ટાફની નિમણૂક મળી છે. રમતવીરોની જરૂરિયાત મુજબ તેઓ આંતરરાષ્ટ્રીય સુવિધાઓ સાથે વિદેશમાં પણ તાલીમ મેળવે છે.



**હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે લોકો જંગી નાણાં ખર્ચ કરી નાંખે છે ....**

**સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે**

# ખરતા વાળને લઇને લોકો પરેશાન

**વાળ ખરવા માટે કેટલાક કારણો રહેલા છે : બે ટેકનિકથી હેર ટ્રાન્સપ્લાન્ટ કરવામા આવે છે : વાળ ખરવાની સમસ્યા જટિલ**

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ.



હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઇરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે.

એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામા આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી.

આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઇન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઇફસ્ટાઇલ, સ્ટ્રેસ, હાર્મોનને લઇને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઇ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઇ દવા લેવામાં આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઇને તમામને પ્રશ્ન સતાવી રહે છે.

આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે હેરફોલને રોકવાની બાબત કોઇ સરળ પ્રક્રિયા નથી. પરંતુ જો સાવધાનીપૂર્વક ડાયટ સાથે આગળ વધવામાં આવે અને પૂરતા પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તો આવી સ્થિતિમાં વાળ ખરી પડવાની સમસ્યાને રોકી શકાય છે. એવા પોષકતત્વો ભોજનમાં લેવા જોઇએ જેમાં વધુ પ્રમાણમાં વિશેષપ્રકારના તત્વો રહેલા હોય. ઓમેગા-૩ ફેટીએસિડ, ઝિંક, પ્રોટીન, બાયોર્ટિન, આયરન અને વિટામિન-ડી જેવી ચીજવસ્તુઓ ભોજનમાં વધુ પ્રમાણમાં લેવામાં આવે તો હેલ્થીહેર મેળવવામાં મદદરૂપ બની શકે છે.



**ફેશન નહીં પરંતુ રૂટીન ટેવ બનતા રસોડા ઇતિહાસ બની જશે**

**હવે મોટા શહેરોથી લઇને નાના શહેરોમાં પમ બહારથી ભોજન મંગાવવાની બાબત કોઇ ફેશન નહીં બલ્કે એક ટેવ બની રહી છે રૂટીન હિસ્સા તરીકે બહારથી ભોજન મંગાવવાની બાબત બની રહી છે ત્યારે હવે ભવિષ્યમાં ઘરના રસોડા ખતમ થઇ શકે છે**

# હવે બહારથી ભોજન મંગાવવાનો ક્રેઝ

**જે પરિવારમાં પતિ અને પત્નિ બંને કામ કરે છે ત્યાં દિવસમાં કમ સે કમ એક વખત બહારથી ભોજન મંગાવવામાં આવે છે**

